गुजरातना इतिहासनो
संक्षिप्त सार.

ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને માટે.

રચી પ્રસિદ્ધ કર્તા.
ભાયાણી વનમાળી કેશવજી.
ભાવનગર તા. સ્કુલ આસીસટંટ.

છપાવી પ્રસિદ્ધ કર્તા.
પટેલ હરજીવન ભગવાનદાસ.
ભાવનગર.

અમદાવાદ
યુ૦ પ્રી૦ અને જ૦ એમ૦ કં૦ "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૪૨. સને ૧૮૮૬.

કિમ્મત ૧ આનો.

गुजरातना रजपुत राजाओनी
वंशावळी.

(ઈ. સ. ૬૯૬ થી ૧૩૦૪ સુધી=૬૦૮ વર્ષની)

ચાવડાવંશ.

	ગાદીપર બેઠા.	મરીગયા.	રાજ કર્યું.
જયશિખર.	૬૯૬	૭૪૬	૫૦
વનરાજ.	૭૪૬	૮૦૬	૬૦
યોગરાજ.	૮૦૬	૮૪૨	૩૬
ક્ષેમરાજ.	૮૪૨	૮૬૬	૨૪
ભૂવડ (પીથુ)	૮૬૬	૮૯૫	૨૯
વિરસિંહ.	૮૯૫	૯૨૦	૨૫
રત્નાદિત્ય.	૯૨૦	૯૩૫	૧૫
સામતસિંહ.	૯૩૫	૯૪૨	૭

ચાવડાવંશ ૬૯૬ થી ૯૪૨ સુધી એટલે ૨૪૬ વર્ષ ચાલ્યો.

સોલંકીવંશ.

મુળરાજ.	૯૪૨	૯૯૭	૫૫
ચામુંડ.	૯૯૭	૧૦૧૦	૧૩
વલ્લભસેન.	૧૦૧૦	૧૦૧૦	છમાસ.
દુર્લભસેન.	૧૦૧૦	૧૦૨૨	૧૨
ભીમદેવ પેહેલો.	૧૦૨૨	૧૦૭૨	૫૦
કરણ.	૧૦૭૨	૧૦૯૪	૨૨

સિદ્ધરાજજયસિંહ	૧૦૯૪	૧૧૪૩	૪૯
કુમારપાળ.	૧૧૪૩	૧૧૭૪	૩૧
અજેપાળ.	૧૧૭૪	૧૧૭૭	૩
બાળમુળરાજ.	૧૧૭૭	૧૧૭૯	૨
ભીમદેવ બીજો.	૧૧૭૯	૧૨૪૨	૬૩
ત્રીભોવનપાળ.	૧૨૪૨	૧૨૪૪	૨

સોલંકી વંશ ૯૪૨ થી ૧૨૪૪ સુધી ૩૦૨ વર્ષ ચાલ્યો.

વાઘેલાવંશ.

વિશળદેવ.	૧૨૪૪	૧૨૬૨	૧૮
અર્જુનદેવ.	૧૨૬૨	૧૨૭૫	૧૩
સારંગદેવ.	૧૨૭૫	૧૨૭૯	૪
કરણ ઘેલો.	૧૨૭૯	૧૩૦૪	૨૫

વાઘેલાવંશ ૧૨૪૪ થી ૧૩૦૪ સુધી ૬૦ વર્ષ ચાલ્યો.

ગુજરાતના ઈતિહાસમાં આવેલી પ્રખ્યાત સ્ત્રીઓની ઓળખાણ.

રૂપસુંદરી—ગુજરાતના રાજા જયશિખરની રાણી, ને બીજી કનોજના રાજા જયચંદ્ર રાઠોડની રાણી.

મિનળદેવી—કનોજના રાજા ભુવડની દીકરી, ને બીજી સોલંકી વંશના કરણ રાજાની રાણી.

વિમળાદેવી—સુરપાળની રાણી, ને જયશિખરની બેન.

શ્રીદેવી—વનરાજને જમાડનાર વાણીયાણ.

લીલાદેવી—સામતસીંહની બેન, ને મૂળરાજની મા.

ચાંચડદેવી—ચામુંડની બેન.

દુર્લભદેવી—દુર્લભસેનની રાણી, ને મારવાડના મહેંદ્ર રાજાની દીકરી.

ઉદ્યામતિ—ભીમદેવ પેહેલાની રાણી.

રાણકદેવી—રાખેંગારની રાણી, જેનું વેશવાળ પ્રથમ સિદ્ધરાજ સાથે કર્યું હતું તે.

પ્રેમળદેવી—ત્રીભોવનપાળની દીકરી, ને કાહાનદેવની રાણી.

દેવળદેવી—ત્રીભોવનપાળની દીકરી, ને કાશ્મીરના રાજાની રાણી. બીજી કરણઘેલાની દિકરી.

મદનરાગણી—લવણપ્રસાદની રાણી.

કમળાદેવી—કરણઘેલાની રાણી. બીજી અજમેરના રાજા સોમેશ્વરની રાણી.

પદ્મણી—(રૂપસુંદરી) કરણઘેલાના પ્રધાન માધવની રાણી.

જસા—સિધરાજને શાપ દેનાર ઓડણ.

ઝલના—કુમારપાળની રાણી, ને નાગોરના રાજા આનાની દીકરી.

ગુજરાતના ઇતિહાસમાં પ્રખ્યાત થએલા પુરૂષોની ઓળખાણ.

શિલાદિત્ય—વલ્લભિપુરનો રાજા.

ધુંધલીમલ—વલ્લભિપુરનો નાશ કરનાર બાવો.

કાકૂર—પાલીનો વેપારી વલ્લભિપુરનો નાશ કરાવનાર.

શંકર—જઇશિખરનો કવિ.

સુરપાળ—જયશિખરનો સેનાપતિ.

ભુવડ—કનોજ દેશનો રાજા.

મીર—ભુવડનો સેનાપતિ.

અણહીલ—વનરાજને સંતાવાની જગ્યા બતાવનાર ભરવાડ.

ચાંપો—વનરાજનો કારભારી.

શિલગુણસુરી—વનરાજને મોટો કરનાર તથા તેનું નામ પાડનાર ગોરજી.

ભુવનાદિત્ય—કનોજ દેશનો રાજા.

રાજ, બીજ, દંડક — ભુવનાદિત્યના પુત્રો.

મુળરાજ—રાજનો પુત્ર.

બાર્પ—તૈલંગણનો રાજા.

લાખો— કચ્છ દેશનો રાજા.

ગૃહરીપુર—સોરઠનો રાજા.

નાગરાજ—ચામુંડનો દિકરો,

મહમદગીઝની—ગીઝનીનો પાદશાહ, સોમનાથના દેરાપર ચડીઆવનાર મુસલમાન.

વિશળદેવ—અજમેરનો રાજા.

કરણ—કાશીનો રાજા.

ભોજ—માળવાનો રાજા.

કુલચંદ્ર— ભોજનો સેનાપતિ.

વિમળશા—ભીમના વખતમાં શ્રાવકનાં દેરાં બંધાવનાર ધનાઢ્ય વેપારી.

ડામર—ભીમદેવનો વકીલ.

કાનદેવ—સિદ્ધરાજનો સામંત.

ક્ષેમરાજ
મુળરાજ } ભીમદેવના પુત્રો.

યશોવર્મા—માળવાનો રાજા.

રાખેંગાર—સોરઠનો રાજા.

હડમત—રાણકદેવીને મોટી કરનાર કુંભાર.

દેહલ
વિહળ } રાખેંગારના ભાણેજ.

શેરપાવર—રાણકદેવીનો બાપ.

સજન—રાખેંગારનું રાજ લીધા પછી સિદ્ધરાજે સોરઠનો
સૂબો બનાવ્યો હતો તે.

વિજેરાજ—સિદ્ધરાજનો જમાઈ.

દેવપ્રસાદ—ક્ષેમરાજ પુત્ર.

ત્રીભોવનપાળ—દેવપ્રસાદનો પુત્ર.

મહીપાળ
કિર્તિપાળ
કુમારપાળ } ત્રીભોવનપાળના છોકરા.

ચંદ—પૃથુરાજનો બારોટ.

આન—નાગોરનો રાજા.

વાઘભટ્ટ
આમ્રભટ્ટ
વાહડ } ઉદાયન મંત્રીના પુત્રો.

ઉદાયનમંત્રી—કુમારપાળને મદદ કરનાર.

હેમાચાર્ય—કુમારપાળના ગુરૂને શ્રાવકના ગોરજી.

રામચંદ્ર—હેમાચાર્યજીના શિષ્ય.

વિજેસામત }
ક્રષ્ણસામત } કુમારપાળના સેનાપતી

મલિકાઅર્જુન—કોકણનો રાજા.

શહાબુદ્દીનગોરી—ગુજરાતપર ચડાઈ કરનાર મુસલમાન બાદશાહ.

પૃથુરાજ—દિલ્હી તથા અજમેરનો રાજા.

સોમેશ્વર—પૃથુરાજનો બાપ.

કુતબુદ્દીન—શહાબુદ્દીનનો સેનાપતિ.

અનંગપાળ—દિલ્હીનો રાજા-પૃથુરાજની માનો બાપ,

જેતસિંહપરમાર—આબુનો રાજા.

સાહદેવ—ભીમ ભોળાના વખતનો માળવાનો રાજા.

જયતસિંહ સોલંકી—ભીમ બીજાને ૧૨૨૪ માં ગાદીપરથી ઉઠાડી મૂકનાર સોલંકી.

કપરડીમંત્રી—અજેપાળનો કારભારી.

વિશળદેવ—વિરધવળનો દિકરો.

અર્ણોરાજ—વાઘેલાવંશનો મૂળ પુરૂષ, ને ભોળાભીમને મદદ કરનાર.

લવણપ્રસાદ—અર્ણોરાજનો દિકરો, ને ભોળાભીમનો પ્રધાન.

વિરધવલ—લવણપ્રસાદનો દિકરો.

વસ્તુપાળ }
તેજપાળ } વિરધવલના કારભારી શ્રાવક વાણીયાને વિશળદેવને ગાદી અપાવનાર.

વિરમદેવ—વિરધવલનો દિકરો, જેને વસ્તુપાળે મારી નંખાવ્યો હતો તે.

અલિફખાન—અલાઉદીનનો ભાઈ, ને કરણ સાથે લડનાર

નસરતખાં—અલાઉદ્દીનનો વજીર, ને કરણ સાથે લડનાર.
અલાઉદ્દીન—દિલ્હીનો મુસલમાન પાદશાહ.
સકળદેવ—દેવગઢનો રાજા, કરણઘેલાનો જમાઈ (દેવળ દેવીનાં જેની સાથે લગ્ન થયાં હતાં તે.)
મલેકકાફૂર—અલાઉદ્દીનનો ખંભાતમાંથી આણેલો ગુલામ.

સાલવાર બનાવો શિવાય.

વંશાવળી.

૧૨૨૪—જયતસિંહ સોલંકીએ પોતાના નામની ભીમ ભોળાને ગાદીપરથી ઉઠાડીને દુવાઈ ફેરવી.
૮૦૨—વનરાજે અણહીલપુર પાટણ વસાવ્યું.
૧૦૨૪—મહમદ ગીજનવીએ સોમનાથપાટણપર ચડાઈ કરી.
૧૧૭૮—બાળમુળરાજપર શહાબુદ્દિન મહમદ ગોરીએ ચડાઇ કરી તેમાં ભીમદેવે તેને હરાવ્યો.
૧૧૯૩—પૃથુરાજ તથા શાહાબુદ્દીનને લડાઈ થઈ.
૧૧૯૪—શહાબુદ્દીનના સરદાર કુતબુદ્દીને ભીમ ભોળાને હરાવ્યો.
૧૩૦૪—ગુજરાતનું રાજ કરણઘેલા પાસેથી અલાઉદ્દીને જીતી લીધું.

ગુજરાતપર ચડાઈઓ કરનાર પરદેશી રાજાઓ.

કોણે ચડાઈ કરી.	કોના ઉપર (ગુજરાતનાકયારાજાઉપર).	લડાઈ કરવાનું કારણ.	પરીણામ.
કનોજ દેશના કલ્યાણી નગરના ભૂવડે.	જયશિખર ચાવડા ઉપર.	જયશિખરનો કવિ શંકર ફરતો ફરતો કલ્યાણી નગર ગયો, ને ત્યાં ભુવડરાજા પાસે જયશિખરની બહાદૂરીના, ને ગુજરાતની ઉપજના ને રાણી રૂપસુંદરીની ફૂટડાઈનાં વખાણ કર્યાં આથી ભૂવડે ગુજરાત જીતવા ફોજ મોકલી.	પેહેલી વખત ભુવડના મોટા જુદ્ધા મીરને સૂરપાળે હરાવ્યો પણ પછવાડેથી ભવડે પંડે આવી પર દીવસ લડી જેયશિખરને માર્યો.
અજમેરના રાજા એને તૈલંગણના રાજાના સેનાપતિ બાર્પ.	મુળરાજ સોલંકી ઉપર.	ગુજરાતની ગાદી ઉપર બેસવાના હક મૂળરાજનો નહીં છતાં બેઠો માટે તેને જીતવાને.	મુળરાજે અજમેરના રાજાને પૈસા આપી પાછો કાઢ્યો ને બાર્પને હરાવી મારી નાખ્યો.

મહમદગીજ-સવીએ.	ભીમબાણાવળી ઉપર.	લૂટફાટ કરવા, હિંદુને વટલાવવાને દેશ તાબે કરવા માટે.	સોમનાથ પાટણ ઉપર ચડાઈ કરેલી કેટલીએક વખત સુધી ભીમદેવ લડ્યો પણ અંતે નાશી ગયો.
માળવાના રાજા યશોવર્માએ.	સિદ્ધરાજજયસિંહ ઉપર.	પૈસા લુંટવા તથા દેશ તાબે કરવાને.	સિદ્ધરાજ તેની મા સાથે ફરવા ગએલો એટલે પ્રધાને તેને પૈસા આપી પાછો કાઢ્યો.
નાગોરના રાજા આન્ને.	કુમારપાળ ઉપર.	ઉદાયન મંત્રીના દીકરા વાહડની શીખવણીથી.	આન્ન હાર્યો ને ઘણો પૈસો તથા પોતાની કુંવરી ઝલના કુમારપાળને પરણાવી.
અજમેરના રાજા વિશળદેવે.	ભીમ બાણાવળી ઉપર.	ભરતખંડના જે ભાગ મુસલમાનોએ જીત્યા હતા તે પાછા લેવાને અજમેરના રાજા વિશળદેવની આગેવાની નીચે બધા રાજા આવ્યા પણ ભીમ આવ્યો નહીં માટે તેને સજા કરવાને અર્થે.	ભીમ બાણાવળી હાર્યો એટલે ઘણો પૈસો આપવાનું તથા જે ઠેકાણે લડાઈ થઈ તે વિસલ નગર વસાવવા દેવાનું કબૂલ કર્યું.

ગીઝનીના સુલતાન મહમદ શાહાબુદ્દીન ગોરીએ.	ભોળાભીમ ઉપર.	દેશ જીતવાને માટે.	પેહેલીવખત શહાબુદ્દીન હાર્યો પણ બીજી વેળા જીત્યો
દિલ્હી તથા અજમેરના રાજા પૃથુરાજે.	ભીમદેવ બીજા(ભોળાભીમ)પર.	પૃથુરાજનું વેશવાળ કરેલી આબુના રાજા જેતસીપરમારની કન્યાનું ભીમદેવે માગુ કર્યું આબુપતિએ ના કહી કન્યાને અજમેર મોકલી આથી ભીમદેવે આબુપતિને મારી અજમેરમાં પૃથુરાજના બાપ સોમેશ્વરને પણ માર્યો એટલે બાપનું વેર વાળવાને પૃથુરાજે ચડાઈ કરી.	ભીમદેવ હાર્યો ને નાશી ગયો. વળી કેટલાક કહેછે કે લડાઈમાં મરી ગયો—
દિલ્હીના બાદશાહ અલાઉદ્દીને.	કરણઘેલા ઉપર.	કરણઘેલાને માધવ ને કેશવ એ પ્રધાન હતા માધવની સ્ત્રી બહુ રૂપાળી હોવાથી રાજા કરણે કેશવને મારી તેમજ માધવને દુર મોકલી લઈ લીધી આથી માધવે અલાઉદ્દીનને આ વાત કહી ગુજરાતપર ચડાઈ કરવાને ઉશ્કેર્યો.	કરણઘેલો બહાદુરીથી લડ્યો પણ અંતે હારીને નાશી ગયો. (બાગલાણ તરફ)

ગુજરાતના કયા કયા રાજાઓએ કોના કોનાપર ચડાઈઓ કરી તે.

કોણે ચડાઈ કરી.	કોનાપર.	લડાઈ થવાનું કારણ.	પરીણામ.
મુળરાજે.	સોરઠના રાજા ગૃહરીપુરપર તથા લાટદેશના રાજાપર.	સોરઠનો રાજા પ્રભાસની જાત્રા જનારને લુંટતો માટે ને લાટદેશના રાજાએ મૂળરાજનું અપમાન કરેલું તેથી તેનાપર ચડાઈ કરી.	બંનેની સાથે મૂળરાજ જીત્યો.
ભીમદેવે પેલ (ભીમબાણાવળીએ)	સિંધને ચોંદી ઉપર.	દેશ જીતવા માટે.	ભીમદેવ જીત્યો.
,,	માળવાના રાજાભોજ સાથે	ભીમદેવને તથા ભોજને અણબનાવ હતો તેથી તેમજ પ્રથમમાં ભોજનો સેનાપતિ કુલચંદ્ર ભીમદેવની ગેરહાજરીમાં ખજાનો લુંટી ગએલો માટે.	ભોજરાજા લડાઈ ચાલતી હતી તેવામાં તે મરી ગયો એટલે ભીમદેવ જીત્યો.

કરણરાજાએ	ધંધુકા આશાવળ ને મેહેવાસના કોળી રાજાપર.	રાજ જીતવા માટે.	કરણ જીત્યો.
સિદ્ધરાજ જયસિંહે.	માળવાના રાજા યશોવર્મા ઉપર.	સિદ્ધરાજની ગેરહાજરીમાં યશોવર્મા તેના પ્રધાન પાસેથી પૈસા લઈ ગએલો માટે તેને સજા કરવાને.	બંનેમાં સિદ્ધરાજ જીત્યો.
,,	સોરઠના રાજા રાખેંગાર ઉપર.	સિદ્ધરાજનું વેશવાળ કરેલી રાણકદેવીને રાખેંગાર પરણ્યો માટે તેને સજા કરવાને.	
કુમારપાળે.	કોકણરાજા મલિકા અર્જુન પર.	કોકણના માથભાટ આવેલા તેણે મલીકાઅર્જુનનાં બહુ વખાણ કર્યાં માટે તેને જીતવાને માટે.	બંનેમાં કુમારપાળ જીત્યો.
	માળવા ઉપર.	દેશ તાબે કરવા.	
ભોળાભીમે.	આબુનારાજા જેતસીંહ પરમાર ઉપર.	પૃથુરાજ વેરે વેશવાળ કરેલી તેની છોડીને ભીમદેવે માગુ કર્યું છતાં અજમેર મોકલી દીધી માટે સજા કરવાને.	ભીમદેવ જીત્યો.

વિશેષ હકીકત.

જયશિખર, વનરાજ, યોગરાજ, રત્નાદિત્ય, મૂળરાજ દુર્લભસેન, ભીમ પહેલો, કરણ, સિદ્ધરાજ, કુમારપાળ, ભીમ બીજો ને વિશળદેવ, એટલા પરાક્રમી રાજા ગણાયાછે:

વનરાજે અણહિલપુર પાટણ વસાવ્યું. ચાંપાએ ચાંપાનેર વસાવ્યું, કરણે કરણાવતી નગરી વસાવી, મીનળદેવીએ ધોળકામાં મલાવ ને વિરમગામમાં મુનસર તળાવ બંધાવ્યાં, સિદ્ધરાજે સહસ્ત્રલીંગ નામે તળાવ બંધાવ્યું, ને મુળરાજે અધુરો મૂકેલો રૂદ્રમાળ પૂરો કર્યો. પ્રહ્લાદનદેવે પાલનપુર વસાવ્યું, વિશળદેવે વિશળ નગર, ને વિજાપૂર વસાવ્યાં, ને ડભોઇનો કીલ્લો સમરાવ્યો.

ગુજરાતની ગાદી પ્રથમ દ્વારકાંમાં હતી, પછી વલ્લભીપુર, પંચાસર, અણહીલપૂરપાટણ, ને અમદાવાદમાં થઈ. ગુજરાતના રાજાઓમાંથી વનરાજને તથા કુમારપાળને વગડામાં ભટકવું પડેલ, વનરાજને ચાંપે વાણીએ શ્રીદેવી વાણીઆણે ને અણહીલ ભરવાડે મદદ કરેલી, તેમજ કુમારપાળને અલીંગ નામના કુંભારે, કોઈ ખેડૂતે ઉદાયન મંત્રીએ ને હેમાચાર્યે મદદ કરેલી,

મીનળદેવીએ તથા નાયકા દેવીએ પોતાના કુંવરો નાના હોવાથી રાજકારભાર ચલાવેલો.

મુળરાજે, સિદ્ધરાજે ને કુમારપાળે દેરાં બંધાવેલાં ને કુમારપાળે તોડેલાં.

ગુજરાતમાં કરણઘેલાના વખત પછી મુસલમાનીરાજ થયું.

પ્રશ્નો.

૧ ગુજરાતમાં જાનામાં જૂનું રાજ કયું હતું, ને તે પછી અનુક્રમે ગાદી ક્યાં ક્યાં થઈ?

૨ દ્વારકાંનું રાજ કોણે વસાવેલ ને ત્યાંના રાજા કયા કૂળના કહેવાતા હતા.

૩ દ્વારકાનું રાજ નાશ પામ્યા પછી ગુજરાતની ગાદી ક્યાં થઈ, તે ગાદીપર કેટલા રાજા થયા તથા તેના નાશ વિષે કેવી કેવી વાતો ચાલેછે ?

૪ વલ્લભિપૂર પછી ગુજરાતની ગાદી ક્યાં થઈ, ને તે કોણે કરેલી તથા તે ગાદી ઉપર છેલ્લો રાજા કોણ થયો ને તેનો નાશ કોણે કર્યો. ?

૫ ભૂવડને જયશિખર ઉપર ચડી આવવાનું કારણ શું ?

૬ ભૂવડ તરફથી પેહેલ વેહેલું લડવા કોણ આવ્યું ને તેમાં તેનું શું થયું ?

૭ મીર હારીને પાછો આવ્યો એટલે ગુજરાતપર કોણ ચડી આવ્યું ?

૮ ભૂવડે ગુજરાતની ગોઠવણ શી રીતે કરી)

૯ રૂપેસુંદરીને વનમાં મોકલવાનું કારણ તથા ત્યાં તેનું શું થયું ને તે ક્યાં રહી ?

૧૦ વનરાજે પોતાના બાપનું ગએલું રાજ શી રીતે મેળવ્યું? તેને મદદ કરનાર કોણ કોણ હતા ! અને તે બધાનો બદલો તેણે શી રીતે વાળ્યો ?

૧૧ વનરાજના ગુણ દોષ દાખલા સાથે બોલો ?

૧૨ વનરાજ પછી કયા કયા રાજા થયા (ચાવડાવંશમાંજ) ને તેઓ કઈ સાલમાં ગાદીએ બેઠા ?

૧૩ ચાવડાવંશના પરાક્રમી રાજા બોલો ?

૧૪ યોગરાજ, ક્ષેમરાજ, ને રત્નાદિત્ય એ વિષે શું જાણોછો ?

૧૫ ચાવડાવંશનો છેલ્લો રાજા કોણ ને તે પછી ગુજરાતની ગાદી કયા કૂળમાં ને કોની પાસે ગઈ ?

૧૬ ચાંપો, વિમળા, અણહીલ, શીલગુણસુરી, મિનળદેવી, વનરાજ, વીરસીંહ, સૂરપાળ, મીર ભવડ, શંકર, સામતસીંહ, રાજ, ને લીલાદેવી, તેને ઓળખાવો ?

૧૭ ૬૯૬, ૭૬૬, ૯૩૫, ૮૬૬, ૯૨૦, ૯૪૨, ૮૦૬, ૮૪૨, એમાં શા શા બનાવ બન્યા?

૧૮ ચાવડાવંશ ક્યાંથી ક્યાં સુધી કેટલા વર્ષ ચાલ્યો?

૧૯ ચાવડાવંશમાં ૩૦ કરતાં વધારે વર્ષ રાજ કર્યું હોય તેવા રાજાઓનાં નામ આપો?

૨૦ પંચાસર અણહિલપૂર પાટણ ને વલ્લભિપૂર વિષે શું શું વાંચ્યું તે ટુંકામાં બોલો?

૨૧ માળવા, કોંકણ, સિંધ, લાટ ને સોરઠ એ રાજ્યપર ગુજરાતના કયા કયા રાજાઓએ ચડાઈ કરી ને શામાટે?

૨૨ ચાવડા, સોલંકી, ને વાઘેલા વંશમાં કયા કયા રાજાઓએ ૪૦ કરતાં વધારે વર્ષ રાજ કર્યું?

૨૩ ગુજરાતપર કોણે કોણે ને કેના વખતમાં ચડાયો કરી?

૨૪ સોલંકી વંશમાં પેહેલો રાજા કોણ થયો ને તેણે કેવી રીતે ગાદી મેળવી?

૨૫ મૂળરાજે શું શું ધર્મનાં કામ કર્યાં ને તે શા કારણથી કર્યાં?

૨૬ સોલંકી વંશના પરાક્રમી રાજા બોલો ને તે ક્યારે ગાદીપર બેઠા?

૨૭ સોલંકી વંશમાં કયા કયા રાજાને કોની કોની સાથે લડાયો થઈ ને તેનું પરીણામ?

૨૮ ગુજરાતની ગાદી અનુક્રમે ક્યાં ક્યાં થઈ? ને તે દરેકનો નાશ કેમ થયો?

૨૯ ઉદાયન, આમ્રભટ્ટ, કાનદેવ, તેજપાળ, વિમળ, અણહિલ્લ, હેમાચાર્ય, ચાંપો, લવણપ્રસાદ તે કોણ હતા?

૩૦ ચાવડાવંશે સ્થાપેલું હિંદુરાજ કોના વખતમાં કયા મુસલમાને તોડ્યું?

૩૧ ગુજરાતમાં કોણે કોણે કયા કયા શેહેર વસાવ્યાં?

૩૨ ગુજરાતમા કયા કયા રાજાએ દેરાં તથા તળાવ બંધાવ-
વામાં વિશેષ કાળજી રાખેલી, ? ને કયા રાજાએ દેરાં
તોડ્યાં ?

૩૩ ગુજરાતમાં કઈ કઈ બાઇઓએ રાજ કર્યું ને તેનાં
કરેલાં કામો શું શું છે ?

૩૪ ગુજરાતની ગાદીપર કયા કયા કૂળના રાજા થયા ને તે
દરેક વંશ કેટલા વર્ષ ચાલ્યો ?

૩૫ મૂળરાજને ગ્રહરીપુર, ભીમદેવને વિશળદેવ, સિધરાજને
રાખેંગાર,, ને ભોળા ભીમદેવને તથા પૃથુરાજને શા
માટે લડાયો થઈ ?

૩૬ ગુજરાતપર કયા કયા મુસલમાને, કોના વખ્તમાં ને
શા માટે લડાયો કરી?

૩૭ દરેક વંશના પહેલા તથા છેલ્લા રાજાના નામને ગાદીએ
બેઠા ઉઠ્યાની સાલ બોલો ?

૩૮ આરાસુર ઉપર ને કુંભારીયામાં કોણે કોણે દેરાં બંધાવ્યાં?

૩૯ ગુજરાતના કયા કયા રાજાને પરદેશમાં ભટકવું પડેલ ?
ને તે વખ્તે તેને કોણે કોણે મદદ કરેલી ?

૪૦ સિદ્ધરાજના રાજની હદ બતાવો.

૪૧ વાઘેલાવંશ નામ કેમ પડ્યું ? ને તેનો મૂળ પુરૂષ કોણ
થયો ?

૪૨ ગુજરાતના કયા કયા રાજાને સ્ત્રી બાબત કોની કોની
સાથે લડવું પડેલ ?

૪૩ ગુજરાતમાં મુસલમાની રાજ્ય કઈ સાલમાં ને કોના
વખ્તમાં થયું.

૪૪ વાઘેલા વંશના પરાક્રમી રાજાનાં નામ બોલો ?

૪૫ ચાવડા, સોલંકી ને વાઘેલા રાજામાં સર્વથી સારો રા
જા કયો થઈ ગયો ?

જાહેરખબર.

આ બુક જેઓને જોઇતી હશે તેમને નીચેને ઠેકાણેથી રોકડી કીંમતે મળશે. સામટી ખરીદ કરનારને સારૂં કમીશન કાપી આપવામાં આવશે. ખુલાસો સામેલ ટીકેટના કાગળથી કે રૂબરૂમાં મળવાથી મળશે.

ભાવનગર—પટેલ હરજીવન ભગવાનદાસ ઢાળ ઉપર દુકાને.

" ભાયાણી વનમાળી કેશવજી પાસેથી.

" વોહોરા અબદુલહુસેન આદમજી બુકસેલરની દુકાનેથી.

ગઢડા—આસીસ્ટંટ સુંદરજી વિરેશ્વર પાસેથી.

વોહોરા અબદુલહુસેન આદમજીની દુકાનેથી તમામ જાતનાં પુસ્તકો કિફાયત ભાવે મળશે.

હ૦ ભ૦ પટેલ.